માર્ચ-2015 : ગુજરાતી (001) (ગુજરાતી માધ્યમ) ધોરણ 10

01 GUJARTI FIRST LANGUAGE MARCH 2015 OMR ANSWERS

| Q | correct answer | Q | correct answer | Q | correct answer | Q | correct answer |
|---|---|---|---|---|---|---|---|
| 1 | B | 16 | C | 31 | C | 46 | D |
| 2 | B | 17 | B | 32 | B | 47 | A |
| 3 | C | 18 | D | 33 | C | 48 | C |
| 4 | D | 19 | D | 34 | B | 49 | D |
| 5 | B | 20 | D | 35 | B | 50 | B |
| 6 | C | 21 | C | 36 | B | | |
| 7 | A | 22 | C | 37 | B | | |
| 8 | A | 23 | D | 38 | A | | |
| 9 | D | 24 | D | 39 | D | | |
| 10 | C | 25 | C | 40 | D | | |
| 11 | A | 26 | A | 41 | C | | |
| 12 | D | 27 | D | 42 | D | | |
| 13 | A | 28 | A | 43 | C | | |
| 14 | D | 29 | B | 44 | D | | |
| 15 | B | 30 | D | 45 | B | | |

વિભાગ..................

## PART : B

### * Section : A *

1) **સાહિત્ય ઝરમર**

કૃતિનું નામ : વૃક્ષ
સાહિત્યપ્રકાર : એકાંકી
સાહિત્યકાર : લાભશંકર - જાદવજી ઠાકર
ઉપનામ : પુનર્વસુ
સ્રોત : બાથટબમાં માછલી
કલમ : સ્યાહીનાં રંગો.

'પુનર્વસુ' ઉપનામથી જાણીતા બનેલા મૂળ વ્યવસાયે તબીબ એવા લાભશંકર જાદવજી ઠાકર 'વૃક્ષ' એકાંકીના રચયિતા છે. આ એકાંકી તેમના 'બાથટબમાં માછલી' વાર્તાસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમણે 'ભૂમ કાગળમાં કોરા', 'પાછળ વહી જતી રસ્તાઓ', 'એક ઉંદર અને જદુનાથ' જેવા અનેક વાર્તાસંગ્રહો આપ્યા છે.

વિભાગ..................

તમે સંબંધોનું વર્તુળ બનાવ્યું,
એમાં અમે રહી ગયા...
અમે પ્રેમનું વર્તુળ બનાવ્યું,
તેમાં સૌ કોઈ સમાઈ ગયા.

'વૃક્ષ' એકાંકીમાં લેખકે હાલનાં જીવનમાં માનવી વચ્ચેનાં સંબંધો કેવા ઉપરચોટિયા અને તકવાદી થઈ ગયા છે તેનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે. પ્રસ્તુત એકાંકીમાં 'ચંપક' નું પાત્ર છે જે વૃક્ષ બની જાય છે. આ સમયે ચંપકનાં પિતા એટલે કે દાદાજી, તેની પુત્રી ચકુ અને પત્ની ઈન્દિરા ખૂબ વલોપાત કરે છે - દુઃખ વ્યક્ત કરે છે. ઇન્દિરા એ પોતે સેવેલા સપનાંનું પણ સ્મરણ કરે છે. પરંતુ આ બાબતો સમય જતાં વીસરાય જાય છે.

ચંપકનાં વૃક્ષ બની જવાનાં બનાવનાં કારણે અનેક ન્યૂઝચેનલવાળા તેમજ પત્રકારો મળવા આવે છે. તેમનાં ઈન્ટર-વ્યૂ લે છે અને સમગ્ર બાબતની કથાવસ્તુ પોતાના સામાયિકમાં છપાવે છે. આ કારણથી ઈન્દિરા અને દાદાજીને ઘણો આર્થિક લાભ થાય છે. એક 'વર્લ્ડ મેગેઝીન' વાળા તેમને પાંચ હજાર ડૉલરનો ચેક પણ આપે છે. આર્થિક સ્થિતિમાં સુધાર થતા ઈન્દિરા ઘરને મોટુ કરાવવા માટે એન્જિનિયર ને બોલાવે છે. એન્જિનિયરનાં પ્લાન પ્રમાણે વીસ ફૂટનું બાંધકામ કરવા માટે ઝાડ અડચણ-રૂપ બને છે. આ સમયે ઈન્દિરા 'એ ઝાડ બીજું કોઈ નહિ પણ તેનો પતિ જ છે' એ વાતને ભૂલી જઈને ઝાડ કપાવી નાખવા માટે કહે છે. આમ, જે વૃક્ષ તેમની આવકનું સાધન બન્યું છે - પોતાનો આધારસ્તંભ છે એ બાબત

વિભાગ..................

5

ભૂલીને માણસ સુખસગવડ ભોગવવાની લાલસામાં સ્વાર્થી અને લાગણીવિહીન થઈ જાય છે - એનું સચોટ વર્ણન 'વૃદ્ધ' એકાંકીમાં કરવામાં આવ્યું છે.

> ખારા જળનો દરિયો, ભર્યો મીઠા જળનો લોટો,
> ઈન્દિરાને 'પૈસો' લાગ્યો, પતિથીય મોટો !!!

૨)

> સાહિત્ય પરિચય
>
> કૃતિનું નામ : સ્ત્રીકેળવણી
> સાહિત્યપ્રકાર : નિબંધ
> સાહિત્યકાર : નર્મદ
> ઓળખ : ગદ્યના પિતા
> કૃતિ શેમાંથી : નર્મગદ્યનાં અંશ

'ગદ્યનાં પિતા' અને 'સુધારકોમાં આદ્ય' તરીકે ઓળખાતા નર્મદાશંકર લાલશંકર દવેને સ્ત્રી કેળવણીની તરફેણમાં ઝુંબેશ ચલાવવા બાબતે 'વીર નર્મદ' નું ઉપનામ પ્રાપ્ત થયું છે.

કેળવણી દુર્ગુણોને કહાડનારી છે. કુકર્મ કરવાને લખવા-વાંચવા સાથે કોઈ સંબંધ નથી. નીતિનાં બોધનો અભાવ અને નઠારી સંગતિથી કુકર્મ થાય છે. જે સ્ત્રી કેળવણી પામે છે તે કદી પોતાનું તેજ ગુમાવતી નથી. આવું સ્ત્રીરત્ન હંમેશા ઝળહળતું રહે છે. આથી નર્મદ કહે છે કે 'જે સ્ત્રી કે નરની કેળવણી હશે તે કુમાર્ગે જશે નહિ.'

વિભાગ..................

6

સાહિત્ય સ્રોત

કૃતિનું નામ : ટાઈમટેબલ
સાહિત્યપ્રકાર : હાસ્યનિબંધ
સાહિત્યકાર : જ્યોતીન્દ્ર દવે
કલમ : હાસ્યનાં રંગો
કૃતિ શેમાંથી : રંગ-તરંગ ભાગ-૨.

'અવળવાણિયા' અને 'ગુપ્તા' નામથી જાણીતા જ્યોતીન્દ્ર દવેનાં 'રંગ-તરંગ' માંથી 'ટાઈમટેબલ' હાસ્યનિબંધ લેવામાં આવ્યો છે. જેમાં ટાઈમટેબલની નીતિ માનવજીવનને કેટલી અનુકૂળ છે તે અંગેની વાત કરી છે.

ટાઈમટેબલ બનાવવામાં લેખકને બે મહિનાનો સમય લાગ્યો. કારણ કે લેખકને તેમાં છ-સાત વિષયોને ગોઠવવાના હતા. વળી કયો વિષય કયા સમયે રાખવો અને કેટલા પ્રમાણમાં રાખવો (વાંચવો) તે અંગેની ગોઠવણ કરવાની હતી.

4) સાહિત્ય પ્રેરણા

કૃતિનું નામ : શામળનાં છપ્પા, ચોપાઈ, ઉખાણા
સાહિત્યકાર : શામળ ભટ્ટ
કૃતિ શેમાંથી : નંદબત્રીસી
સાહિત્યપ્રકાર : ચોપાઈ
કલમ : જો રક્ષક જ ભક્ષક બને...

વિભાગ..................

7

સમગ્ર ભારતની પ્રજા વચ્ચે યાત્રા કરનાર, સંસ્કૃતિનું સારું જ્ઞાન ધરાવનાર અને પોતે પણ સારા ગાયક એવા આપણા કવિ શામળ વીરેશ્વર ભટ્ટ...! તેમણે 'મદનમોહના', 'નંદબત્રીસી', 'સૂડા-બહોતેરી', 'શામળની [illegible]' જેવી અનેક કૃતિઓની રચના કરી છે. તેમણે પોતાની 'રક્ષક જ ભક્ષક બને' ચોપાઈમાં જે રક્ષે તે ભક્ષે તો શું થાય અંતર્ગત વાત કરી છે.

| |
|---|
| જો રક્ષક જ ભક્ષક બને,<br>તો ફરિયાદ કોને કરવી. |

સામાન્ય રીતે અનાજ સાફ કરવા માટે અને તેના સંગ્રહ માટે 'ચારણું' બનાવવામાં આવે છે. જો આ ચારણું અનાજ ખાઈ જતું હોય તો માનવીને જીવનજરૂરી આહાર કેવી રીતે મળે....? વિવિધ જળાશયો- તળાવો પાણીના સંગ્રહ માટે હોય છે. પરંતુ જો આ તળાવ પાણી પી જતા હોય તો પાણી આપણને કેવી રીતે મળે?

| |
|---|
| વાડ થઈ ચીભડાં ગળે<br>સોંપી વસ્તુ ક્યાંથી મળે? |

ચીભડાંના રક્ષણ માટે તેના ખેતરની ફરતે વાડ બાંધવામાં આવે છે. જો આ વાડ પોતે જ ચીભડાંને ખાઈ જાય તો આવું સોંઘુ ફળ આપણને મળે જ નહિ. જો રાજા કે જેની જવાબદારી પ્રજાના રક્ષણની છે, તે પોતાની પ્રજાને લૂંટી લે તો બિચારી પ્રજા કોની આગળ જઈને ફરિયાદ કરે...!

| |
|---|
| મા મારે પય પીતાં બાળ<br>સત્યવાદી જો બોલે આળ |

વિભાગ..................

બાળકને જન્મ આપનારી માતા નું કર્તવ્ય બાળકમાં રક્ષણનું છે. પરંતુ જો તે પોતાના બાળકને મારતી હોય તો મુંગુ બાળક શું કરે? દુનિયામાં સત્યવાદીઓને કારણે જ પૃથ્વી પર સત્ય સચવાયુ છે. જો તેઓ જૂઠનો સહારો લેશે તો પૃથ્વી પર સત્ય ટકી રહેશે ખરું...?

આમ, શામળે રક્ષક જ ભક્ષક બને તો કેવી કપરી પરિસ્થિતિનું સર્જન થાય તે અંગે વર્ણન કર્યું છે.

5)

સાહિત્ય મોતી

કૃતિનું નામ : મન નો ડગે
સાહિત્યકાર : ગંગાસતી
સાહિત્યપ્રકાર : પદ-ભજન
કલમ : ભક્તિમાં રંગો
કૃતિ શેમાંથી : સોરઠી-સંતવાણી

પોતાની વહુ પાનબાઈને ૫૨ દિવસ સુધી અલગ-અલગ પદ સંભળાવનાર ગંગાસતીએ 'મન નો ડગે' પદની રચના કરી છે. જેમાં સાચા હરિજનનાં લક્ષણો વર્ણવવામાં આવ્યા છે.

મેરુ તો ડગે પણ જેના મન ના ડગે
મરને ભાંગી રે પડે બ્રહ્માંડ રે!

જે જગતમાં સાચા ભક્ત છે, તેમનું

વિભાગ.................. 9

મન ગમે તેવી વિકટ પરિસ્થિતિ ઓરતી કે તમેને બ્રહ્માંડ (બ્રહ્માંડ) તૂટી પડે તો પણ વિચલિત થતાં નથી. એ પરિસ્થિતિનો સામનો કરે છે. આવા સાચા ભક્તોનો વિશ્વાસ ક્યારેય તેમના સદ્ગુરુનાં વચનોમાંથી ડગતો નથી. ભક્તોનું આ વર્તન જ તેમના સાચા ભક્ત હોવાનું પ્રમાણ દર્શાવે છે.

૯)

| સાહિત્ય પ્રેરણા | |
|---|---|
| કૃતિનું નામ : | તીર્થોત્તમ |
| સાહિત્યપ્રકાર : | સૉનેટ |
| સાહિત્યકાર : | બાલમુકુન્દ દવે. |
| કલમ : | માતૃવાત્સલ્યનાં છંદો |

'કુમારચંદ્રક' પ્રાપ્ત કરનાર કવિ બાલમુકુન્દ મણિશંકર દવે 'તીર્થોત્તમ' સૉનેટની રચના કરી છે. પ્રસ્તુત સૉનેટ શિખરીણી છંદમાં લખાયેલ છે.

કવિ પ્રભુનાં દર્શનની ઇચ્છાથી અનેક તીર્થસ્થાનોમાં ફરે છે કિફરત અનેક ઉપાયો કરે છે છતાં તેમને પ્રભુપ્રાપ્તિ થતી નથી. પરંતુ જ્યારે તેઓ પોતાના ઘરનાં ઓરડે પોતાની પત્ની સાથે બેઠા હોય છે ત્યારે અદ્ભુત દૃશ્ય જુએ છે. તેમનાં પત્ની પોતાની નવજાત બાળકીને પયપાન કરાવતી હતી. તેની આંખો બાળકી પર ઢળેલી હતી અને તેમાંથી માતૃવાત્સલ્ય છલકાતું હતું. આવી માતાની આંખોમાં કવિને સાચું તીર્થ - પ્રભુનાં દર્શન થાય છે અને પ્રભુ-દર્શનની તેમની ઇચ્છા સંતોષાય છે.

10 વિભાગ..................

પ્રશ્ન ક્રમાંક

* Section : B *

7> <u>આજનું જીવન</u>

પ્રસ્તુત પરિચ્છેદમાં લેખક હાલનાં જીવનધોરણ અને પહેલાનાં જીવનધોરણની તુલના કરે છે અને ખરેખર હાલનું જીવન ઉન્નતિનું જીવન છે કે અધોગતિનું જીવન એવો પ્રશ્ન કરે છે. વળી પહેલાંના સમયમાં લોકો શરીરમાં અંગોઅંગનો કેવો વ્યવસ્થિત ઉપયોગ કરતા હતા, અને આજે મોઢું, હાથ વગેરે શારીરિક અંગોનો દેખાવ પૂરતો જ ઉપયોગ થાય છે અને યોગ્ય ઉપયોગના અભાવે જે-તે રોગની તંગી વરતાય છે.

8> ઊંચા નીચી કર્યા કરે,
જીવનની ઘટમાળ,
ભરતી એની ઓટ છે,
ઓટ પછી જુવાળ.

પ્રસ્તુત પંક્તિમાં જીવનમાં આવતી ઉતાર-ચઢાવની ઘટનાને દૃષ્ટાંત સહિત વર્ણવવામાં આવી છે. અને જીવનની ઘટનાક્રમ દર્શાવ્યો છે.

આપણું જીવન અનિશ્ચિતતાઓથી ભરેલું છે. ક્યારેક તેમાં સુખ છે તો ક્યારેક તેમાં દુઃખ છે. મુશ્કેલીઓ- પરીક્ષાઓ તો જીવનમાં ઘટનાક્રમમાં આવ્યા જ કરે છે. પરંતુ જીવનની આ પરિસ્થિતિઓ કાયમી રહેતી નથી.

વિભાગ..................

જેમ રાત્રિ પછી દિવસ ઉગવાનો જ છે તો જ રીતે દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખનો ક્રમ અકળ છે.

આ પ્રકારનું વર્તન માત્ર મનુષ્યોના જીવનમાં જ નહિ, પ્રકૃતિના તત્વોમાં પણ જોવા મળે છે. એક દિવસે ખીલેલું ફુલ સાંજે ઢળી જાય છે પણ બીજે દિવસે ફરી ઉગીને નીકળે છે. અંધારી રાત પછી તેજસ્વી સવાર ઉગે છે, દરિયામાં ભરતી-ઓટ આવ્યા જ કરે છે.....!

> આ જ જીવનનો સાચો ક્રમ
> ક્યારેક સુખ તો ક્યારેક ગમ.

જીવનના ઉતાર-ચઢાવથી ગભરાઈને કે નાસિપાસ થઈને બેસવાથી કંઈ વળતું નથી! દરેક પરિસ્થિતિમાં સમભાવથી જીવન જીવી જાણવું – એ આપણું કર્તવ્ય છે.

વિભાગ..................

12

* Section : C *

૧) 337,
ટ/૫, ત્રિમંદિર સંકુલ,
સેક્ટર નં. ૩,
અડાલજ,
તા. ૧૨-૦૩-૨૦૧૫

પ્રિય મિત્ર,

તારો પત્ર મળ્યો. હું અહીં કુશળ છું. આશા છે કે તુ અને તારા કુટુંબીજનો પણ સ્વસ્થ હશો! પ્રથમ તો હું તને તારા ઘરે જે L.C.D. ટી.વી. આવ્યુ છે તે અંતર્ગત ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવુ છું.

મિત્ર, આ પત્ર લખવા પાછળનો મારો ઉદ્દેશ્ય તને ટેલિવિઝનથી થતાં નુકસાન બાબતે સાવચેત કરવાનો છે. ટેલિવિઝનનો મર્યાદિત ઉપયોગ આપણા માટે મનોરંજનનું સાધન તો છે જ, પણ સાથે સાથે આપણા અધોગતિનું કારણ પણ બને છે, ટી.વી.માં ધારાવાહિકો જોયા કરવાથી આપણા અભ્યાસમાં કેટલી ક્ષતિ થાય છે તેનો ખ્યાલ આપણને રહેતો નથી. હંમેશા આપણું મન તેમાં પરોવાયેલું રહે છે. અન્ય કોઈ વિચાર પણ આવતા નથી. જેના કારણે અભ્યાસમાં આપણે આપણું મન કેન્દ્રિત કરી શકતા નથી. અને વળી ક્યારેક ધારાવાહિકો જોવામાં ત્રણ-ચાર કલાક બગાડી નાખીએ તો અભ્યાસ માટેનો સમય બાકી રહેતો જ નથી!! આથી આપણું પરિણામ નીચું આવે છે અને અભ્યાસ પર માઠી અસર ઉપજે છે.

વિભાગ..................

13

મિત્ર, તું ઘણી ચતુર છો એ હું જાણું છું આથી મારી વાતને તું બરાબર સમજી ગઈ હશે એવી આશા છે. તારા જવાબની હું રાહ જોઈશ. તારા માતાપિતાને મારા પ્રણામ અને ભાઈ-બહેન ને મારી યાદ આપજે.

તારી પ્રિય મિત્ર
અ.બ.ક.

10) રક્તદાન શિબિર

એમિટી સ્કૂલ, ભરૂચ. તા. 12/03/2015.

તારીખ 10-માર્ચ-2015 નાં રોજ અમારી શાળામાં એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં અનેક દાતાઓએ ભાગ લીધો હતો. શાળાના મોટા ઓરડામાં ઘણાં પલંગ પાથરવામાં આવ્યા હતા. રક્તદાન કરતાં પહેલાં મહેમાનોને સંબોધનમાં શાળાનાં આચાર્યશ્રીએ સ્વાગત પ્રવચન આપ્યું. ત્યારબાદ તેમણે રક્તદાનનાં મહત્વ વિશે અમને (વિદ્યાર્થીઓને) કેટલીક માહિતી આપી. તેમના પ્રવચનથી અમારા સૌમાં મોટા થઈને રક્તદાન ચોક્કસ કરીશું એવી ભાવના જાગી. 'રક્તદાન મહાદાન' નાં પોસ્ટર બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ રક્તદાનનો કાર્યક્રમ ચાલ્યો. દાતાઓને આરામ બાદ થોડો હળવો નાસ્તો સુવિધારૂપે પૂરો પાડવામાં આવ્યો. તેમને કોઈ પણ તકલીફ ન પડે તેની વિશેષ કાળજી શાળાનાં શિક્ષકો દ્વારા રાખવામાં આવી હતી. આ દરેક રક્તદાતાઓને પોતે રક્તદાન કર્યું છે એવો

વિભાગ..................

કાર્ડ આપવામાં આવ્યો. સૌના ચહેરા પર સ્મિત જોઈ શકાતુ હતું. ખરેખર તેમણે ઘણું ઉમદા કાર્ય કર્યું હતું. કાર્યક્રમને સમાપ્ત થતા સૌ રક્તદાતાઓનો આભાર માનતો વિદ્યાર્થીઓ છૂટા પડ્યા.

વિભાગ..................

15

પ્રશ્ન ક્રમાંક

## * Section : D *

11) 'ભાઈ, તને કોઈએ ભરમાવ્યો છે!' હું જાણતી નથી એમ કહી મેં કમાડ બંધ કરવા માંડ્યું તો એ અંદર આવવા લાગ્યો અને કહે : 'માતાજી, આજ દિવસ સુધી તમને ખાવાનું મોકલ્યું, તે સાચું તો જુઓ!' હું ચિડાઈ ગઈ, 'વળી તું ખાવાનું મોકલનાર કોણ ?'

12) વૃક્ષોને, લહેરાતી પાંદડીઓને, વસંતી ફૂલોને ને નવપલ્લવોને નજરે નિહાળતા ઉપાસિકા સ્વયં એક બોધિવૃક્ષ નથી? એમની નજીક આવીને ઊભાં રહેતાં જ કેટલી બધી શીતળતા કેટલો બધો આહ્લાદ અનુભવાય છે! ઉદ્વેગો - ઉત્તાપો આપો આપ શમી જતાં અનુભવાય છે. ઉદ્વેગિત મન શાંતિનો અનુભવ કરી રહે છે. અનેકવિધ અહમ્ - બોજ ખરતો જતો હોય અને મનહૃદય હળવાંફૂલ થઈ જતા હોય એમ લાગે છે.

13) નિબંધલેખન : મા તે મા! બીજા વગડાનાં વા.

> જે મસ્તી હોય આંખોમાં
> તે સુરાલયમાં નથી હોતી
> અમીરી કોઈ અંતરની
> મહાલયમાં નથી હોતી
> શીતળતા પામવાને માનવી
> તું દોટ ક્યાં મૂકે ?
> જે મા ની ગોદમાં છે
> તે હિમાલયમાં નથી હોતી.

વિભાગ..................

16

પરમેશ્વર, જો દીવામાંથી દીવો પ્રગટાવે, પારાવાર સ્નેહ આપે, થોડામાંથી પણ થોડું આપવાની ભાવના દર્શાવે, એમાં પ્રેમનાં લેખાં-જોખાં ન થઈ શકે તો મા છે. પરમેશ્વર 'મા' શબ્દનો અર્થ શબ્દકોશમાં નહિ જીવનકોશમાં જોવાનો હોય છે, વાત્સલ્યકોશમાં જોવાનો હોય છે અને વાત્સલ્યકોશમાં 'મા' એટલે પ્રેમ.

> મા એટલે વહાલ ભરેલો વીરડો.
> મા એટલે મંદિર કેરો દીવડો.

એ વાત તદ્દન સાચી છે કે માણસે ભગવાનને પૃથ્વી પર અવતરવાની પ્રાર્થના કરી ત્યારે ભગવાને માતાને મોકલી આપી. ભગવાન ઘરેઘરે પહોંચી શકતા નહોતા આથી તેમણે માતાનું સર્જન કર્યું. પરમેશ્વર, ભગવાન જેવો કોઈ મહાન કલાકાર નથી! જે મનુષ્યનું સર્જન કરે છે પણ નીચે પોતાનું નામ લખતો નથી, પણ જ્યારે લખે છે તો માતાનું નામ લખી આપે છે! પણ આ 'માતા' એ ઈશ્વરની જ મહાનતાનું પ્રતીક છે ને! જે બાળકને અસહ્ય વેદના પછી જન્મ આપે છે પણ બાળકના નામની પાછળ પિતાનું નામ લખાવે છે.

> ગંગામાં નીર તો વહી જાય રે લોલ!
> સરખો એ પ્રેમનો પ્રવાહ રે...
>
> વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ.
> માડીનો પ્રેમ બારે માસ રે...

# Supplementery / પુરવણી - 1

★ અહીંથી જ લખવાનું શરૂ કરવું ★

વિભાગ...D...........

ખરેખર માતા હૃદયથી તેના બાળકનું લાલનપાલન કરે છે. ક્યારેય તેના મનમાં બાળકનાં વહાલ પ્રત્યે કોઈ પણ પ્રકારની ખોટ આવતી નથી. પ્રેમરૂપી ખૂબીઓ તો યથાવત જ રહે છે. બાળક ભલે કદરૂપું હોય, મૂંગું હોય કે લૂલું હોય... માતા તેને ખરા દિલથી ચાહે છે. માતા બાળકનું ખૂબ ધ્યાન રાખે છે. ખાસ કરીને શૈશવમાં બાળક જ્યારે પથારી ભીની કરે તો ખુદ માતા ભીનામાં સૂઈ જઈને બાળકને સૂકામાં સુવડાવે છે.

> મને સુખ માટે કરુ ઝોળી પાતું
> મહાહેતવાળી દયાળી જ મા તું.

માતાનાં અપાર પ્રેમની તુલના કરવી અશક્ય છે. તેનો પ્રેમ તો દરિયાથી પણ વધુ અને આકાશથી પણ વિશાળ છે. કહેવાય છે કે એક શિક્ષિત માતા સો શિક્ષકોની ગરજ સારે છે.

વિભાગ..................

2

પ્રશ્ન ક્રમાંક

પરમેશ્વર માતા જેવી કેળવણી તો કોઈ જ આપી શકતું નથી. તે બાળકમાં સંસ્કારનું સિંચન કરે છે. માતાના અવિરત પ્રેમ પરથી મને કોઈક કવિની પંક્તિ યાદ આવે છે કે...

લાખ લાખ પરબોથી
છીપાવી શકાય નહિ
એવી તરસ મને લાગી છે....
ખોબે ખોબે મારી માતાને પીવાની
મને ઝંખનાઓ જાગી છે.

માતા અનેક ગુણોનો ભંડાર છે. તેમાં સહનશીલતા, ત્યાગ, પ્રેમ, વાત્સલ્યભાવ કૂટી-કૂટીને ભરેલા છે. જાતની આવી માતાપિતાનું ઋણ ક્યારેય ચૂકવી શકાય એમ નથી. જો ભગવાન પણ આ કાર્ય માથે લે તો ભગવાનનું ય દેવાળું નીકળી જાય. અખૂટ ગુણોના ભંડારવાળી માતા માટે કહેવાયું છે કે...

લીમડાની ડાળનું લેખણ લઈને
લખતી સરસ્વતીને કહેજો...
કે ઈશ્વરનાં ગુણો ખૂટી જાય તો
ઉમેરી લે મા નાં ગુણો...